સફાઈ કામદારના પુનઃ સ્થાપન માટેની પંડિત દિન દયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજારો (સેનેટરી–માર્ટ)ઉભા કરવાની યોજનાના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ– પરચ–૧૦૦૪–૨૬–અ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
સચિવાલય ગાંધીનગર.
તારીખ :– / ૫/૨૦૦૪
10 MAY 2004

વંચાણે લીધાઃ– (૧) સા.ન્યા.અને અધિ. વિભાગનો તા.૧૪/૭/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ– એમ આઈ એસ–૧૦૨૦૦૦–૩૧૬/ગ

(૨) સા.ન્યાય અને અધિ. વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૧૫–૩–૨૦૦૪ નો ઠરાવ.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૫/૨/૨૦૦૪ નો પરિપત્ર ક્રમાંકઃ– પરચ–૧૦૨૦૦૦–ભા.સ.૫૦–ડ.

ઠરાવ :–

આમુખમાં દર્શાવેલ સા.ન્યા.અને અધિ. વિભાગના તા.૧૪/૭/૨૦૦૦ ના ઠરાવથી સફાઈ કામદારોના પુન :સ્થાપન માટેની પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજાર યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાના ભાગરૂપે તા.૧૨–૧૨–૨૦૦૩ ના રોજ મા. મુખ્યસચિવશ્રીના અધ્યક્ષપદે મળેલ રાજ્યકક્ષાની સમિતિની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર મહાનગરપાલિકાઓમાં સેનેટરી માર્ટ મંડળીઓને યોજનાની જોગવાઈ મુજબ ટોકન ભાડે જમીન / દુકાન/ ગોડાઉનની ફાળવણી વાસ્તવિક સંજોગોને ધ્યાને લેતાં શક્ય બનેલ નથી, અને આ બાબતે આમુખમાં દર્શાવેલ ક્રમાંક–૩ આગળના શહેરી વિકાસ વિભાગના પરિપત્રથી મહાનગરપાલિકા / નગરપાલિકા વિસ્તારોમાં મંડળીઓને જમીન / દુકાન / ગોડાઉન ની ફાળવણી કરવાના હુકમો કરવામાં આવેલ છે. આ હુકમના ભાગ રૂપે ૩૦ % રકમની ફાળવણીની બાબત વિચારણા હેઠળ હતી. આ બાબત પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી નીચે મુજબ ઠરાવે છે.

" મહાનગરપાલિકા / નગરપાલિકા ધ્વારા સેનેટરી – માર્ટ મંડળીઓને જમીન / દુકાન/ ગોડાઉન ની ફાળવણી થયેથી જમીન / દુકાન/ ગોડાઉન ની વાસ્તવિક કિંમત (Actual cost) ધ્યાને લઈ ને તે કિંમતના

૩૦ % રકમની ફાળવણી પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુન : સ્થાપનની યોજનાની ગ્રાન્ટમાંથી સંબસીડી તરીકે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા ચૂકવવામાં આવશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( કે. એલ. તબિયાર )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
માન. મંત્રીશ્રી(સા.ન્યા.અને.અધિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર.
સર્વેમાન.મંત્રીશ્રી/રાજ્યકક્ષાનામંત્રીશ્રીઓ/નાયબમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
મુખ્યસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત,અમદાવાદ / રાજકોટ
સચિવાલયના સર્વે વિભાગો, ( ઉદ્યોગ અને ખાણ વિભાગ સિવાય).
સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય ગાંધીનગર તરફ ઠરાવના મુદ્દા ક્રમાંકઃ– ૫ અન્વયે જરૂરી કાર્યવાહી સારુ.
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર.
કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ ગાંધીનગર.
ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટર, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટર, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ,ગાંધીનગર.
નિયામકશ્રી, નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે મ્યુનિસિપલ કમીશ્નરશ્રીઓ.
સર્વે જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત )
વિભાગની સર્વે શાખાઓ ( ગ.શાખા સિવાય )
સિલેકટ ફાઈલ.
ક્લેકશન.